# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 25-07-2024** **બપોરે : 2.30 થી 2.35**

**વાર : ગુરુવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# DISTRICT RAIN

રાજ્યભરમાં આજે 43 તાલુકામાં વરસાદ વરસ્યો છે. આ સાથે જ ઉત્તર અને દક્ષિણ ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટ્યું છે. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધુ સવા એક ઈંચ વરસાદ દાહોદના લિમખેડામાં, જ્યારે અન્ય તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. વ્યાપક વરસાદના કારણે રાજ્યના 46 જળાશય સંપૂર્ણ છલકાઈ જતાં હાઈ અલર્ટ જાહેર કરાયું છે. તેમ જ ઠેરઠેર પાણી ભરાતા માર્ગ વ્યવહાર ખોરવાયો છે.

પોરબંદરમાં આજે NDRFએ ચિંગરિયા અને મંદર ગામમાં બચાવકાર્ય કરી વરસાદના કારણે ફસાયેલા ચાર લોકોને બહાર કાઢ્યા હતા. દરમિયાન ગામમાં વીજ પૂરવઠો ખોરવાતા હૉસ્પિટલમાં સારવાર હેઠળ એક બાળકને વધુ સારવાર માટે EMSને સોંપવામાં આવ્યો હતો. વડોદરામાં ફસાયેલા 10થી 15 લોકોને NDRFની ટુકડીએ સલામત રીતે બહાર કાઢ્યા હતા. ત્યારબાદ સુરતના વડોલી ગામમાં કેટલાક લોકો અટવાયા હોવાના અહેવાલ મળતાં જ NDRFની ટુકડી વડોલી ઓલપાડ જવા રવાના થઈ છે. પંચમહાલ જિલ્લામાં વહેલી સવારથી વરસાદ વરસતા યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખી માચીથી ડુંગર જતી રોપ-વે સેવા પણ બંધ કરવામાં આવી હતી. પોલીસે યાત્રાળુઓ અને વાહનચાલકોને માચી જવાના ત્રણ રસ્તા પર બેરિકેટીંગ લગાવી વાહનવ્યવહાર બંધ કરાવ્યો હતો.

તાપીનો 112 વર્ષ જૂનો ડોસવાડા ડેમ ઑવરફ્લો થતાં નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. ડેમ ભરાતાં 15થી વધુ ગામને સાવચેતીના ભાગરૂપે અલર્ટ કરાયા છે.  અરવલ્લીમાં પણ વરસાદના કારણે નડિયાદ-કપડવંજ હાઈવે પર પાણી ભરાતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. અમરેલીનું ખીજડીયા ગામ વરસાદના કારણે સપંર્ક વિહોણું બન્યું છે.

# DISTRICT RAIN 2

જ્યારે જામકા અને બગસરા બાયપાસ નજીક નદીના વહેણમાં 13 જેટલા વિજપૉલ ધરાશાઈ થઈ ગયા હતા. હાલમાં વરસાદ હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં શૉર્ટસર્કિટ ન થાય તે માટે વીજપૂરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. તેમ જ બગસરાથી રાજકોટ તરફ જવાનો રસ્તો, લુંઘિયા ભાડેર તરફ જવાનો માર્ગ અને અમરેલી તરફ જવાનો રસ્તો થોડા કલાક માટે બંધ થઈ ગયો હતો.

# STATE DAM

રાજ્યમાં સાર્વત્રિક વરસાદના કારણે 46 જળાશય સંપૂર્ણ છલકાતા હાઈઅલર્ટ જાહેર કરાયું છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના 54.06 ટકા જળસંગ્રહ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યના કુલ 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 42.96 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો હોવાનું જળસંપત્તિ વિભાગે જણાવ્યું છે.

રાજ્યના 26 ડેમ 70થી 100 ટકા ભરાતા અલર્ટ અપાયું છે. જ્યારે સરદાર સરોવર સહિત 26 ડેમ 50થી 70 ટકા ભરાતા ચેતવણી આપવામાં આવી છે. જ્યારે 39 ડેમ 25થી 50 ટકા ભરાયા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના 141 જળાશયમાં 50 ટકા, મધ્ય ગુજરાતના 17 જળાશયમાં 35 તથા ઉત્તર ગુજરાતના 15 જળાશયમાં 27 ટકા પાણીનો સંગ્રહ થયો છે. તાપીના ઉકાઇ ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવકના કારણે ડેમનું જળસ્તર 316.76 ફૂટ સુધી પહોંચ્યું છે.

# CM SEOC BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર તથા આશ્રયસ્થાનોમાં આરોગ્ય, અન્ન-

પૂરવઠો વગેરેની સુવિધા અંગે માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સતર્કતા સાથે કાર્યરત્ રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

દરમિયાન મુખ્યમંત્રીએ માનવમૃત્યુ, પશુમૃત્યુ, ખેતીવાડી નુકસાન વગેરે કિસ્સામાં યોગ્ય સરવે કરીને સહાય માટેના આયોજન અંગે પણ ચર્ચા કરી હતી. શ્રી પટેલે ઝીરો કેઝ્યુઆલિટી એપ્રોચ સાથે વરસાદનો સામનો કરવા, હવામાન વિભાગની વખતોવખતની સૂચનાઓ મુજબ આગોતરા રાહત-બચાવ ઉપાયો માટે જિલ્લા કલેક્ટરોને સજ્જ રહેવા અનુરોધ કર્યો હતો.

## GUJARAT MANGROVE COVER

રાજ્યમાં મેનગ્રોવ એટલે કે ચેરના વૃક્ષોનું વાવેતર કવર 1 હજાર 175 ચોરસ કિલોમીટર સુધી વિસ્તરણ પામ્યું છે. 799 ચોરસ કિલોમીટર સાથે કચ્છ જિલ્લો મેનગ્રોવ કવરમાં રાજ્યમાં સૌથી અગ્રેસર રહ્યો છે. વર્ષ 2023-24માં રાજ્યમાં 6 હજાર 930 હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરાયું હતું અને વર્ષ 2024-25 દરમિયાન કુલ 12 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતરનું આયોજન કરાયું છે.

આ અંગે વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, સરકારના પ્રયાસોથી રાજ્યમાં આજે મેન્ગ્રોવનું આવરણ 1 હજાર 175 ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે. રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાત મેન્ગ્રોવ કવરની દ્રષ્ટિએ બીજું સ્થાન ધરાવે છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

રાજ્યનો કચ્છ જિલ્લો રાજ્યના મેન્ગ્રોવ કવરનો મોટા ભાગનો હિસ્સો ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, મરીન નેશનલ પાર્ક અને અભયારણ્ય સહિત કચ્છનો અખાત, જામનગર, રાજકોટ (મોરબી), પોરબંદર અને દેવભૂમિદ્વારકા જેવા વિસ્તારોને આવરી લઇને 236 ચોરસ કિલોમીટરનો મેન્ગ્રોવ કવર ધરાવે છે.

## AHMEDABAD PATNA SPECIAL TRAIN

પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને પટના વચ્ચે આવતીકાલે વિશેષ ભાડા પર વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ-પટણા સ્પેશિયલ અમદાવાદથી આવતીકાલે બપોરે ચાર ને 35 મિનીટે ઉપડશે અને ત્રીજા દિવસે રવિવારે સવારે સાત વાગ્યે પટના પહોંચશે. આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગડા, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, અયોધ્યા કેન્ટ, અકબરપુર, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર અને આરા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં 20 કોચ સ્લીપર ક્લાસ અને એક કોચ જનરલ ક્લાસનો હશે.

આ ટ્રેનનું બૂકિંગ આજથી પીઆરએસ કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પરથી કરી શકાશે.

## MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..**